 ISSN: 2349-6002

# A comparative study of India and global nations in the education sector

Nisha Kamlesh Vaghela[1], Dr. Kajal D.khunti[2]
[1]*Department of Economics, Dr. V.R. Godhaniya P.G. centre, Porbandar*
[2]*Guide, Dr. V.R. Godhaniya P.G. centre, Porbandar*
doi.org/10.64643/IJIRTV12I8-190399-459

સારાંશ:

શિક્ષણ ક્ષેત્રે ભારતની તુલનાએ અન્ય દેશો:

1. સાક્ષરતા દર:

ભારત:- આઝાદી બાદ ભારતના સાક્ષરતા દરમાં નોંધપાત્ર સુધારો થયો છે,પરંતુ વિકસિત દેશોની તુલનાએ પ્રમાણ ઘણું ઓછું છે અને તેમાં પણ લિંગ આધારિત તફાવત જોવા મળે છે. ભારતમાં વર્ષ 2025 માં સાક્ષરતા દર અંદાજીત 75% છે.

અન્ય દેશો:- વિકસિત દેશોમાં સાક્ષરતા દર ઊંચો અને શિક્ષણ ક્ષેત્રે લિંગ આધારિત તફાવત ઓછો જોવા મળે છે.

2. શિક્ષણની ગુણવત્તા:-

ભારત:- વિદ્યાર્થીઓને અભ્યાસક્રમ ફરજિયાત યાદ રાખવા માટે દબાણ કરવામાં આવે અને કૌશલ્ય વિકાસ, સર્જનાત્મકતાના ગુણોનો વિકાસ થાય તેના પર ઓછું ધ્યાન આપવામાં આવે છે

અન્ય દેશો:- પ્રયોગાત્મક, સંશોધનાત્મક, કૌશલ્ય વિકાસ થાય તેવી શિક્ષણ વ્યવસ્થા.

3. શિક્ષણ પાછળ થતું ખર્ચ:-

ભારત:- શિક્ષણ પાછળ ખૂબ ઓછું ખર્ચ થાય છે.

અન્ય દેશો:-શિક્ષણ પાછળ વધુ ખર્ચ અને સંશોધનો પાછળ મોટાપાયે ખર્ચ થાય છે.

4. રોજગારીની તકો :-

ભારત:-અભ્યાસ પૂરો થાય તો પણ યોગ્યતા અનુસાર રોજગારીની તકોનો અભાવ.

અન્ય દેશો:- વિદેશમાંથી મેળવેલી ડિગ્રી અનુસાર રોજગારીની તકો વધુ પ્રાપ્ત થાય છે.

5. ટેકનોલોજીનો ઉપયોગ:-

ભારત:-ડિજીટલ શિક્ષણમાં ઝડપી વૃદ્ધિ પરંતુ અમુક પ્રદેશો પૂરતું મર્યાદિત છે.

અન્ય દેશો:- ટેકનોલોજીનો વ્યાપક અને સમાનતાભર્યું શિક્ષણ આપે છે.

6. ઉચ્ચ શિક્ષણ અને સંશોધન

ભારત :-વર્તમાન સમયમાં ઉચ્ચ શિક્ષણનુ પ્રમાણ ઊંચું છે, જ્યારે સંશોધન મર્યાદિત છે.

અન્ય દેશો:- ઉચ્ચ શિક્ષણ અને સંશોધનનું પ્રમાણ વધુ જોવા મળે છે.

## શિક્ષણક્ષેત્રમાં ભારત અને વૈશ્વિક રાષ્ટ્રો - તુલનાત્મક અભ્યાસ

વિષય પ્રવેશ:

શિક્ષણ માનવીના બૌદ્ધિક અને માનસિક વિકાસ માટે એક મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. પ્રાચીન ભારતની શિક્ષણ વ્યવસ્થા વિશ્વની સૌથી પ્રાચીન અને સમૃદ્ધ વ્યવસ્થામાંની એક હતી તેનો હેતુ માત્ર જ્ઞાન આપવાનો નહીં, પરંતુ વ્યક્તિત્વ, નૈતિકતા અને આત્મવિકાસ કરવાનો હતો.

જ્યારે વર્તમાન ભારતીય શિક્ષણ વ્યવસ્થાની સ્થિતિ તપાસતા જણાય છે કે, વર્તમાન શિક્ષણ વ્યવસ્થા

 ISSN: 2349-6002

બાળકોના સર્વાંગી વિકાસ માટે નહીં, પરંતુ ગોખણપટ્ટી કરાવનાર એક વ્યવસ્થા પૂરતી જ સીમિત છે.

વર્તમાન ભારતીય શિક્ષણ વ્યવસ્થા અને વિશ્વના અન્ય દેશોની શિક્ષણ વ્યવસ્થા વચ્ચે તફાવત માત્ર એટલો જ છે કે, ભારતીય શિક્ષણ વ્યવસ્થા અભ્યાસક્રમ યાદ રાખો, પરીક્ષા, પરિણામ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. જ્યારે વિશ્વના અન્ય દેશોમાં શિક્ષણ વ્યવસ્થા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ,વ્યક્તિત્વ વિકાસ, સર્જનાત્મકતા, કૌશલ્ય વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. વર્તમાન સમયમાં ભારતીય શિક્ષણ પ્રણાલી અને વિશ્વના અન્ય દેશોની શિક્ષણ પ્રણાલી તફાવત જોવા મળે છે. તેની કેટલીક અસરો, સારા પાસા, મર્યાદા વગેરેનો અભ્યાસ જરૂરી બન્યો છે.

ભારતીય શિક્ષણ પ્રણાલી

1. પ્રાચીન ભારતીય શિક્ષણ પ્રણાલી

પ્રાચીન ભારતીય શિક્ષણ વ્યવસ્થા વિશ્વની સૌથી પ્રાચીન અને સમૃદ્ધ શિક્ષણ વ્યવસ્થા હતી. તેમાં ફક્ત વિદ્યાર્થીઓને વેદો, પુરાણો, ગ્રંથો ,વેદાંગ નું જ્ઞાન જ નહીં,પરંતુ તેની સાથે  વિદ્યાર્થીઓને વ્યવહારિક, નૈતિકતા, વ્યક્તિત્વ વિકાસ, કૌશલ્ય વિકાસ જેવા મહત્વપૂર્ણ પાસાઓ  પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવતું હતું. હાલના સમયમાં દિશા જાણવા માટે દિશા સૂચક યંત્રનો ઉપયોગ થાય છે,તે પ્રાચીન સમયમાં દિશા સૂચક યંત્ર વિના પણ ભારતીય ખગોળ વિજ્ઞાનના જ્ઞાનથી તારાઓ,ચંદ્રની મદદથી દિશા શોધવાનું જ્ઞાન ભારતે મેળવી લીધું હતું. આવી અનેક શોધોનું જ્ઞાન ભારતીય ગ્રંથો માં જોવા મળે છે.

2. વર્તમાન શિક્ષણ પ્રણાલી

અંગ્રેજી શાસન દરમિયાન જે શિક્ષણ વ્યવસ્થા હતી તે થોડા ઘણા અંશે હાલ પણ જોવા મળે છે. અંગ્રેજોનો શિક્ષણ આપવાનો મુખ્ય ઉદ્દેશ્ય નોકરી કરનાર વર્ગ ઉભો કરવાનો હતો. જ્યારે હાલ વર્તમાન સમયમાં એવા શિક્ષણની જરૂર છે, જેના દ્વારા વિદ્યાર્થીઓ નોકરી મેળવનાર નહીં,પરંતુ નોકરી આપનાર બને.

વર્તમાન સમયમાં વર્ગખંડમાં ભારતનું ભાવિ ઘડાઈ રહ્યું છે,પરંતુ વિદ્યાર્થીઓની સ્થિતિ જોતા જણાય છે કે, વિદ્યાર્થી ઉપર શિક્ષણ બોજ બની રહ્યું છે. બાળકોને શિક્ષણ ફક્ત અભ્યાસક્રમ યાદ રાખવો, પરીક્ષા આપવી, અને સારું પરિણામ આવવું તેના ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે.

હાલ વર્તમાન સમયમાં જોઈએ તે વિશ્વના અન્ય દેશોમાં શિક્ષણ રોબોટિક્સ સુધી પહોંચી ગયું છે.પરંતુ ભારતના મોટાભાગના શાળા કોલેજના વિદ્યાર્થીઓને વ્યવસ્થિત કોમ્પ્યુટર અને ટેકનોલોજી નું જ્ઞાન પણ નથી.

વર્તમાન સમયમાં શિક્ષણની સારી વ્યવસ્થા ન હોવાથી ભારત માંથી દર વર્ષે અંદાજીત લાખો વિદ્યાર્થીઓ વિશ્વના અન્ય દેશોમાં જઈને અભ્યાસ પૂરો કરે છે. જો વર્તમાન ભારતીય શિક્ષણ વ્યવસ્થા વર્તમાન વિદ્યાર્થીઓની જરૂરિયાત સંતોષી ન શકતી હોય તો આવી વ્યવસ્થામાં બદલાવ થવો જ જોઈએ.

NEP-2020 ભારતીય શિક્ષણ વ્યવસ્થામાં બદલાવ કરવાની એક નીતિ છે.  NEP-2020 અમલ બાદ મુશ્કેલી એ ઉભી થઈ છે કે, ભારતમાં તાલીમ પામેલા શિક્ષકો અને સંસાધનોની અછત છે. માતૃભાષામાં શિક્ષણ આપવાની જોગવાઈ કરવામાં આવેલી છે તેના કારણે ગ્રામીણ- શહેર અને રાજ્યો વચ્ચે ભાષાકીય અસમાનતા વધવાની શક્યતાઓ રહેલી છે. આ નીતિના અમલ માટે રાજ્યોને પૂરતા પ્રમાણમાં નાણાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી નથી. શાળાઓમાં સાધનો અને નિષ્ણાંતોની  અછત જોવા મળે છે.

વિશ્વના અન્ય દેશોની શિક્ષણ પ્રણાલી

ISSN: 2349-6002

વિશ્વના ઘણા વિકસિત દેશોની શિક્ષણ પ્રણાલી ભારતની શિક્ષણ પ્રણાલી કરતા વધુ અસરકારક માનવામાં આવે છે. વિશ્વમાં જાપાન અને જર્મની ઉપરાંત વિકસિત દેશોની શિક્ષણ વ્યવસ્થા શ્રેષ્ઠ માનવામાં આવે છે. ત્યાં વિદ્યાર્થી કેન્દ્રિત, પ્રયોગાત્મક, સંશોધનાત્મક,કૌશલ્ય વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે.

અમેરિકાની શિક્ષણ પ્રણાલી શાળા યુનિવર્સિટીમાં સંશોધનો,પ્રયોગો અને પ્રોજેક્ટ વર્ક આધારિત છે. વિદ્યાર્થીઓ વિષય પસંદગી અંગે સ્વતંત્ર હોય છે. ઉચ્ચ શિક્ષણ માટે વિશ્વવિખ્યાત યુનિવર્સિટીઓ, અદ્યતન ટેકનોલોજી નવીનતા જોવા મળે છે.

કેનેડાની શિક્ષણ પ્રણાલી વિદ્યાર્થી કેન્દ્રિત, સમાવેશક અને ગુણવત્તા યુક્ત માનવામાં આવે છે. કેનેડા ની શિક્ષણ પ્રણાલી ખાસ કરીને  સમાવેશક શિક્ષણ પ્રણાલી છે. તેમાં જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓ માટે ખાસ સહાય પણ આપવામાં આવે છે. યુનિવર્સિટીઓમાં સંશોધન,ટેકનોલોજી અને કૌશલ્ય વિકાસને પ્રોત્સાહન આપવામાં આવે છે.

ભારતમાંથી મોટાભાગે શિક્ષણ માટે થતુ સ્થળાંતર અમેરિકા,કેનેડા વગેરે વિકસિત દેશોમાં થાય છે.

જાપાનની શિક્ષણ પ્રણાલી શિસ્ત, મૂલ્યો અને ગુણવત્તા આધારિત છે. ઉચ્ચ શિક્ષણમાં સમૂહ ભાવના, નૈતિક જવાબદારી પર ભાર મૂકવામાં આવે છે.

દક્ષિણ કોરિયા શિક્ષણ પ્રણાલી સખત,સ્પર્ધાત્મક અને ગુણવત્તાવાળું માનવામાં આવે છે. વિદ્યાર્થીઓમાં સતત તણાવ જોવા મળે છે, કારણ કે તેમનું પરિણામ તેમનું ભવિષ્યને નિર્ધારિત કરે છે.

## શિક્ષણ ક્ષેત્રે ભારત અને વિશ્વના અન્ય દેશો વચ્ચેનો તુલનાત્મક અભ્યાસ

1. શિક્ષણ પદ્ધતિ સંબંધિત તફાવત:

ભારત: મોટાભાગે વિદ્યાર્થીઓને યાદ રાખવા, પરીક્ષાલક્ષી, સિદ્ધાંતો ઉપર ભાર મૂકવામાં આવે છે.

અન્ય દેશો: સર્જનાત્મક, સંશોધન, પ્રયોગાત્મક શિક્ષણ આપવા પર ભાર મૂકવામાં આવે છે.

2. અભ્યાસક્રમ અને પસંદગી સંબધિત તફાવત:

ભારત: ભારતમાં અભ્યાસક્રમ જૂનો, નિશ્ચિત અને ચોક્કસતાવાળો હોય છે વિદ્યાર્થીઓએ ફરજિયાત પણે તે અભ્યાસક્રમ અનુસાર શિક્ષણ મેળવવું પડે છે.

અન્ય દેશો: વિદ્યાર્થી પોતાની રુચિ,આવડત, શક્તિ અનુસાર વિષય પસંદ કરવાની તક આપવામાં આવે છે.

3. સામાજિક વ્યવસ્થા સંબંધિત તફાવત:

ભારત:-ભારતમાં સામાજિક અસમાનતા, પરંપરા રિવાજો,માન્યતા શિક્ષણ વ્યવસ્થા ને અસર કરે છે. ભારતનું સામાજિક માળખામાં સ્ત્રી પુરુષ અસમાનતાનું પ્રમાણ ઊંચું જોવા મળે છે.

અન્ય દેશો: વિશ્વના અન્ય દેશોમાં સામાજિક માળખું સ્વતંત્ર અને આધુનિક વિચારસરણી ધરાવે છે.

4. આર્થિક તફાવત:

ભારત: ભારતમાં વસ્તી વધારાને કારણે ગરીબીનું પ્રમાણ ઊંચું જોવા મળે છે, જેને કારણે શિક્ષણ પાછળ ઓછું ખર્ચ થાય છે.

અન્ય દેશો: વિકસિત દેશોમાં ગરીબીનું પ્રમાણ નીચું હોવાથી  શિક્ષણ પાછળ ખર્ચ વધુ કરી શકે છે.

5. મૂલ્યાંકન:

ભારત: પરીક્ષા, ગુણો, સારું પરિણામ પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ ઉપર ધ્યાન  આપવામાં આવતું નથી.

અન્ય દેશો: વિશ્વના અન્ય દેશોમાં વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન સંશોધનો ,પ્રોજેક્ટ વર્ક, સર્જનાત્મકતા અને કૌશલ્ય વિકાસ જેવા ગુણોનો સમાવેશ થાય છે.

## ભારતીય શિક્ષણ વ્યવસ્થાને વર્ષ 2047 સુધીમાં વિકસિત કરવાનો દ્રષ્ટિકોણ

 ISSN: 2349-6002

1. શિક્ષણની ગુણવત્તામાં સુધારો કરવો જેનાથી ભારતીય વિદ્યાર્થીઓને આંતરરાષ્ટ્રીય કક્ષા જેવું શિક્ષણ દેશની અંદર મળી શકે.
2. ટેકનોલોજી નું જ્ઞાન બાળકોને શાળાથી જ આપવામાં આવે. કોમ્પ્યુટર,સોફ્ટવેર તથા AI અંગેનું જ્ઞાન આપવામાં આવે.
3. સમગ્ર ભારતના બધા જ પ્રદેશોમાં સમાન શિક્ષણ વ્યવસ્થા ઉપલબ્ધ કરાવી જોઈએ જેનાથી શિક્ષણ વ્યવસ્થા અંગેની અસમાનતામાં ઘટાડો થાય.
4. દેશની અંદર સારી શિક્ષણની વ્યવસ્થા ઉપલબ્ધ કરાવી જેનાથી ભારતીય વિદ્યાર્થીઓનું વિદેશમાં થતું સ્થાનાંતર ઘટી શકે.
5. પ્રોજેક્ટ વર્ક, સંશોધન, વ્યાવહારિક જ્ઞાન આપી શકાય તેવી વ્યવસ્થા ઊભી કરવી.
6. ફક્ત પુસ્તકો જ નહીં પરંતુ સંગીત, નૃત્ય, ચિત્ર કલા-કૌશલ્ય નું જ્ઞાન બાળકોની અંદર વિકસે તેવી શિક્ષણ વ્યવસ્થા હોવી જોઈએ.
7. વર્તમાન સમયમાં નોકરી કરનાર વર્ગ કરતાં નોકરી આપનાર વર્ગ ઉભો કરી શકાય તે પ્રકારની શિક્ષણ વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવી.

## સંદર્ભ સૂચિ

[1] https://www.21kSchool.com
[2] https://www.kanan.co
[3] https://landmarkglobal.co.in
[4] https://futurnse.com
[5] https://osre.ncert.gov.in
[6] https://hrdc.gujaratuniversity.ac.in
[7] https://en.wkipedia.org
[8] https://www.kasigaschool.com
[9] education.gov.in